For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### વડોદરામાં નશાના કાળાબજાર પર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની તવાઈ

# કોડીન સીરપનું મસમોટું કૌભાંડ

## વડોદરામાં સંગઠિત ગુનાખોરી આચરનાર એસડી શર્માને તાળાં

**યુપીથી** ૯,૦૦૦ બોટલની બોગસ ખરીદી અને બંધ પેઢીને ગેરકાયદેસર વેચાણ દર્શાવી સિન્ડિકેટ આચરનાર એસડી શર્મા સામે કડક કાર્યવાહી

**બિલમાં** છેડછાડ કરી હજારો બોટલ નશાકારક સીરપનો નિકાલ કર્યાનો પર્દાફાશ, ખુલાસો અસંતોષકારક જણાતા લાયસન્સ કાયમી ધોરણે રદ્દ કરાયું

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૧

વડોદરામાં જાહેર આરોગ્યના હિતમાં અને યુવાધનને નશાના કાળાબજારથી બચાવવા માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સન ફાર્મા રોડ પર આવેલી M/s. SD PHARMA (Firm ID: 110430) સામે અત્યંત કડક વહીવટી કાર્યવાહી કરવામાં આવી છે. શોપ નં. SF-222, સાઉથ-વેસ્ટ સેન્ટ્રલ મોલ ખાતે આવેલી આ પેઢીના પ્રોપ્રાઈટર શાહ હાર્દિક વિનોદભાઈ દ્વારા બોગસ ખરીદબિલો બનાવી તથા વેચાણબિલમાં છેડછાડ કરીને હજારોની સંખ્યામાં નશાકારક કોડીનયુક્ત કફ સીરપનો ગેરકાયદેસર નિકાલ કરવાનું મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હતું, જેના પર તંત્રએ લાલબત્તી ધરીને ફોર્મ 20B અને 21B હેઠળના તેમના પરવાના કાયમી ધોરણે રદ્દ કરી દીધા છે.

ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારો-૧૯૪૦ હેઠળ હાથ ધરાયેલી તપાસમાં આ પેઢીની ગંભીર ગેરરીતિઓ પ્રકાશમાં આવી હતી. પેઢીએ ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદની M/s. MAHARAJ JI ENTERPRISE પાસેથી Wiscof Syrup ની ૯,૦૦૦ બોટલ ખરીદ્યાનું બનાવટી બિલ દર્શાવ્યું હતું જેમાં પરવાના નંબર, બેચ નંબર કે એક્સપાયરી ડેટ જેવી કોઈ જ વિગતો નહોતી અને સપ્લાયરનો પણ કોઈ પત્તો નહોતો મળ્યો. આ ઉપરાંત, પરવાનેદારે સંગઠિત ગુનાખોરી આચરીને વડોદરાના હરણી રોડ પર પહેલેથી જ બંધ થઈ ચૂકેલી M/s. A. J. Enterprise ને ૧,૪૪૦ બોટલનું ગેરકાયદેસર વેચાણ બતાવ્યું હતું, તેમજ અમદાવાદની M/s. Pranshi Enterprise ને ૭,૫૬૦ બોટલ વેચીને તેના બિલમાં ઈરાદાપૂર્વક છેડછાડ કરી નશાખોરીને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

તપાસ અધિકારી અને ઔષધ નિરીક્ષક એચ. એમ. જેપાલ દ્વારા આ મામલે તા. ૧૫-૦૭-૨૦૨૬ ના રોજ કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી હતી, જેના જવાબમાં પરવાનેદારે તા. ૧૭-૦૭-૨૦૨૬ ના રોજ રજૂ કરેલો ખુલાસો અત્યંત અસંતોષકારક જણાયો હતો. પ્રોપ્રાઈટરે પોતાના પરવાનાનો દુરુપયોગ કરી જાહેર આરોગ્ય સાથે ગંભીર ખિલવાડ કર્યો હોવાથી, મદદનીશ કમિશનર ડૉ. એ. એચ. ઝાલાના માર્ગદર્શન હેઠળ જાહેર હિતમાં તા. ૨૩-૦૭-૨૦૨૬ ના આદેશથી આ પેઢીના પરવાના કાયમી ધોરણે રદ્દ કરી દેવામાં આવ્યા છે.

આ અંગે આરોગ્ય વિષયક ચેતવણી આપતા તંત્રએ જણાવ્યું છે કે કોડીનયુક્ત સીરપનો નશા તરીકે વધુ પડતો ઉપયોગ શ્વાસોશ્વાસમાં તકલીફ, હૃદયના ધબકારા ધીમા પડવા, કોમા કે હાર્ટ અટેક જેવી જીવલેણ પરિસ્થિતિ સર્જી શકે છે.

## વડોદરા શહેરમાં વરસાદી માહોલ, આજે યલો એલર્ટ

(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરા જિલ્લામાં મંગળવારે વહેલી સવારથી સાંજ સુધી હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો હતો. જિલ્લા કંટ્રોલ રૂમ મુજબ જિલ્લામાં સરેરાશ 3.88 મિ.મી. વરસાદ પડ્યો હતો. જેમાં ડેસરમાં સૌથી વધુ 8 મિ.મી., જ્યારે વડોદરા, વાઘોડિયા અને કરજણમાં 5-5 મિ.મી. વરસાદ નોંધાયો હતો. સાવલી અને ડભોઈમાં 4-4 મિ.મી. વરસાદ થયો હતો. પાદરા અને શિનોરમાં વરસાદ નોંધાયો ન હતો. જિલ્લામાં સિઝનનો કુલ સરેરાશ વરસાદ અત્યાર સુધીમાં 492.63 મિ.મી. થયો છે. શિનોરમાં 732 મિ.મી., ડભોઈમાં 581 મિ.મી., વડોદરામાં 539 મિ.મી. અને પાદરામાં 524 મિ.મી. વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ વરસાદની આગાહી કરી છે. 12 ઓગસ્ટે યેલો એલર્ટ સાથે 30થી 40 કિ.મી.ની ઝડપે પવન, વીજળી અને ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. 13થી 17 ઓગસ્ટ દરમિયાન પણ વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે. આગામી દિવસોમાં મહત્તમ તાપમાન 30થી 32 અને લઘુત્તમ 26 ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે.

### ટ્રેડ ગ્રીપની સોશિયલ મીડિયા જાહેરાતથી શરૂ થયેલી ટ્રેડિંગની જાળમાં મેનેજર ફસાયા

# રોકાણમાં સારો નફો મળશેની લાલચ આપી આસિ. મેનેજર સાથે રૂ.૧.૦૯ કરોડની ઠગાઈ

**સામાન્ય** રકમ શરૂઆતમાં પરત આપી વિશ્વાસ કેળવ્યો, ખાતું બ્લોક કરી રોકાણ માટે વધુ રૂપિયાની માગણી કરતા ભાંડો ફૂટ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.11

સાવલીની કંપનીના આસિસ્ટન્ટ મેનેજરને ટ્રેડ ગ્રીપ નામની કંપનીમાં રોકાણ કરવાથી શેર, સોનું-ચાંદી, ઓઈલ અને કરન્સી ટ્રેડિંગમાં મોટો નફો મળવાની લાલચ આપી હતી. આરોપીઓએ શરૂઆતમાં નાની રકમનું વળતર આપી તેમનો વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ અલગ-અલગ બેંક ખાતામાં ટુકડે-ટુકડે રૂ.1.09 કરોડ જમા કરાવી લીધા હતા. વેબ સાઈટમાં દેખાતી રકમમાંથી માત્ર રૂ.2. 27 લાખ પરત આપ્યા બાદ બાકીની રૂ.1.07 કરોડ રકમ પરત ન આપી ખાતું બ્લોક કરી આસિસ્ટન્ટ મેનેજર સાથે છેતરપિંડી આચરી હતી.જેથી મેનેજરે પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા હતા.

છાણી જકાતનાકા વિસ્તારમાં રહેતા અને સાવલી ખાતે દિપક નાઈટ્રેટ કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરતા હેમેંદ્ર વસંત ગાનુએ સાયબર ક્રાઈમ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ ઓગસ્ટ-2025માં ફેસબુક પર ટ્રેડ ગ્રીપ કંપનીમાં રોકાણથી સારું વળતર મળવાની જાહેરાત જોવા મળી હતી. જાહેરાતની લિંક ખોલ્યા બાદ એક યુવતીએ આંતરરાષ્ટ્રીય નંબર પરથી ફોન કરી કંપનીમાં સોનું, ચાંદી, કોમોડિટી, શેર અને કરન્સીમાં ટ્રેડિંગ થતું હોવાનું જણાવ્યું હતું.

વિશ્વાસ કેળવવા માટે શરૂઆતમાં મેનેજર પાસે 29 ઓગસ્ટે રૂ.19 હજારનું રોકાણ કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ગણેશ, જુનેદ અને સુરેશ નામથી અલગ-અલગ મોબાઈલ નંબરો પરથી સંપર્ક કરી ટ્રેડિંગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ટ્રેડ ગ્રીપ અકાઉંટ મેનેજર નામની ટેલિગ્રામ ચેનલમાં ડીને વેબસાઈટ પર એકાઉન્ટ ખોલાવવામાં આવ્યું હતું.

શરૂઆતમાં વેબસાઈટ પર નફો દર્શાવવામાં આવ્યો અને 3 સપ્ટેમ્બરે રૂ.1,232નું વળતર પણ આપવામાં આવ્યું હતું નાની રકમ પરત મળતાં મેનેજર કંપની પર વિશ્વાસ બેસી ગયો હતો. આ વિશ્વાસનો લાભ લઈ આરોપીઓએ વધુ રોકાણ કરવા લાલચ આપી હતી અને અલગ-અલગ બેંક ખાતાઓમાં રકમ જમા કરાવડાવી હતી. જોકે, મોટી રકમનું રોકાણ કર્યા બાદ જ્યારે મેનેજર નફાની રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે એકાઉન્ટ બ્લોક કરી દેવામાં આવ્યું હતું. એકાઉન્ટ અનબ્લોક કરવા તેમજ વધુ નફો મેળવવા માટે વધુ પૈસા રોકાણ કરવાની માગણી કરવામાં આવી હતી. આ રીતે તેમની પાસેથી ઠગોએ રૂ.1,09,62,894 પડાવ્યા બાદ માત્ર રૂ.2,27,197 પરત કરવામાં આવ્યા અને બાકીની રૂ.1,07,35,697 રકમ પરત ન આપી છેતરપિંડી આચરવામાં આવી હતી. સાયબર ક્રાઈમ પોલીસે તેમની ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીઓ સુધી પહોંચવા અને નાણાકીય વ્યવહારોની તપાસ હાથ ધરી છે.

### સુરત રેગિંગ કાંડના પડઘા વડોદરામાં

# બરોડા મેડિકલ કોલેજ એલર્ટ, એન્ટી રેગિંગ સ્ક્વોડ સક્રિય

**રેગિંગ** સામે ઝીરો ટોલરન્સ,એમએમસીની ગાઇડલાઇનનું કડક પાલન : ફ્રેશરની સુરક્ષા માટે હેલ્પલાઈન પણ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા,તા.11

સુરત મેડિકલ કોલેજમાં રેગિંગના કારણે તબીબી વિદ્યાર્થી ડો. હર્ષ પંડ્યાના કરૂણ મોતની ઘટનાએ સમગ્ર રાજ્યના તબીબી વર્તુળોને હચમચાવી દીધા છે. આ દુઃખદ ઘટનાના પડઘા હવે વડોદરાની બરોડા મેડિકલ કોલેજમાં પણ જોવા મળી રહ્યા છે.

સુરતની ઘટનામાંથી બોધપાઠ લઈને બરોડા મેડિકલ કોલેજ તંત્ર તાત્કાલિક એલર્ટ મોડ પર આવી ગયું છે. રેગિંગની કોઈપણ ઘટના ન બને તે માટે કોલેજ કેમ્પસ ઉપરાંત હોસ્ટેલમાં એન્ટી રેગિંગ સ્ક્વોડને સક્રિય કરી દેવામાં આવી છે. સાથે જ સતત મોનિટરિંગ અને પેટ્રોલિંગ પણ વધારી દેવામાં આવ્યું છે. બરોડા મેડિકલ કોલેજના ડીન ડો. જીવરાજ ડામોરે આ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, કોલેજમાં રેગિંગ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવામાં આવી છે. એનએમસીની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવામાં આવી રહ્યું છે. ખાસ કરીને નવા પ્રવેશ મેળવનારા ફ્રેશર અને જુનિયર વિદ્યાર્થીઓ કોઈપણ પ્રકારના દબાણ કે ભય વગર અભ્યાસ કરી શકે તે માટે એન્ટી રેગિંગ કમિટી અને સ્ક્વોડ દ્વારા સતત નજર રાખવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓની સુવિધા માટે કોલેજ દ્વારા હેલ્પલાઈન અને ફરિયાદ નિવારણની વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કોઈ વિદ્યાર્થી સાથે રેગિંગ કે હેરાનગતિનો બનાવ બને તો તે નિર્ભય બનીને ફરિયાદ કરી શકે તે માટે તંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

# સુભાનપુરાના મહાકાળી સેવઉસળમાં જીવડું નીકળ્યું

**ગ્રીન** ઓનિયનમાં જીવતો વંદો મળ્યો, સંચાલકનો જવાબ આવી તો સામાન્ય વાત છે



(પ્રતિનિધિ) વડોદરા,તા.11

વડોદરા શહેરના સુભાનપુરા વિસ્તારમાં આવેલા જાણીતા મહાકાળી સેવઉસળ નામે ચાલતી એક હોટેલમાં પીરસવામાં આવેલી સેવ ઉસળ સાથેની ડુંગળીમાં જીવતો વંદો નીકળતા ગ્રાહકોમાં ભારે રોષ જોવા મળ્યો છે.

ઘટના અનુસાર, એક ગ્રાહકને સેવઉસળ સાથે પીરસવામાં આવેલી ગ્રીન ઓનિયનમાં જીવતો વંદો નીકળ્યો હતો. આ બાબતે જ્યારે ગ્રાહક દ્વારા સંચાલકને પૂછવામાં આવ્યું તો તેમના તરફથી મળેલો જવાબ વધુ ચોંકાવનારો હતો. એમાં શું છે? આવી તો સામાન્ય વાત છે, તેવો બેદરકારીભર્યો જવાબ મળતા ગ્રાહક નારાજ થયા હતા. સફાઈ અને લોકોના આરોગ્ય સાથે સીધી રીતે જોડાયેલી ખાણીપીણીની જગ્યાએ આવી બેદરકારીને સામાન્ય કહેવાથી અનેક સવાલો ઉભા થયા છે. ચોમાસાના વરસાદી માહોલમાં પણ શહેરના કેટલાક ખાણીપીણીના આઉટલેટ પર લોકોની સુરક્ષા અને સ્વચ્છતા માટે યોગ્ય પગલાં લેવામાં ન આવતા હોવાની ચર્ચા જોર પકડી રહી છે. ખોરાકમાં અવારનવાર જીવજંતુઓ નીકળવાની ઘટનાઓ હવે સામાન્ય બનતી જતી હોવાની ફરિયાદો પણ વધી રહી છે. તંત્ર દ્વારા આવા આઉટલેટ પર સઘન તપાસ અને પગલાં લેવાની માંગ ઉઠી છે.

# તાંદલજા-વાસણા-સનફાર્મા રૂટ પર બસ સેવા બંધ થતાં હાલાકી

**વિદ્યાર્થી** કાઉન્સિલે મ્યુ. કમિશ્નરને રજૂઆત કરી પીએમ ઈ-બસ શરૂ કરવાની માંગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.11

વડોદરા શહેરના તાંદલજા, વાસણા અને સનફાર્મા રોડ જેવા ગીચ વસ્તી અને શૈક્ષણિક વિસ્તારોમાં જાહેર બસ સેવા બંધ થતાં હજારો વિદ્યાર્થીઓ અને નોકરિયાતોને મુશ્કેલી પડી રહી છે. તાંદલજા સ્ટુડન્ટ્સ કાઉન્સિલ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી આ રૂટ પર પીએમ ઈ-બસ અથવા સિટી બસ સેવા નિયમિત રીતે પુનઃ શરૂ કરવાની માંગ કરવામાં આવી છે.

કાઉન્સિલના જણાવ્યા મુજબ અગાઉ આ રૂટ પર વીટીકોસ બસ દર કલાકે દોડતી હતી, જે સ્થાનિકો માટે ઉપયોગી હતી. સેવા બંધ થતાં વિદ્યાર્થીઓ અને નોકરિયાતોને ખાનગી રિક્ષા તથા અન્ય વાહનોનો સહારો લેવો પડે છે. કાઉન્સિલના આગેવાન અસફાક મલિકે જણાવ્યું કે, તેના કારણે પરિવારો પર દરરોજ રૂ. 50થી 100 સુધીનો વધારાનો ખર્ચ આવી રહ્યો છે. વાહનોમાં ભીડ વધતા વિદ્યાર્થીઓને સમયસર શાળા-કોલેજ પહોંચવામાં પણ મુશ્કેલી પડે છે. કાઉન્સિલે જણાવ્યું કે, આ વિસ્તારોમાંથી દરરોજ હજારો વિદ્યાર્થીઓ અને નોકરિયાતો શહેરના વિવિધ વિસ્તારોમાં અવરજવર કરે છે. અગાઉ બસ સેવા દરમિયાન મુસાફરોનો સારો પ્રતિસાદ મળતો હતો અને સંચાલકોને પણ આવક થતી હતી. પીએમ ઈ-બસ સેવાને આવકારતા કાઉન્સિલે તાંદલજા-વાસણા-સનફાર્મા રૂટ પર સેવા શરૂ કરવાની માંગ કરી છે. કાઉન્સિલે સવારે 7થી રાત્રે 10:30 સુધી વિવિધ સમયના ફેરા સૂચવી, તાત્કાલિક નિર્ણય લેવા અપીલ કરી છે.

